વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત સંલગ્ન
ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત
**સમાજસેવા મહાવિદ્યાલય**
(બી. આર. એસ. કોલેજ કોડ નં. ૫૩)
મુ. પો. ગાંધી વિદ્યાપીઠ, વેડછી તા. વાલોડ જિ. સુરત ૩૯૪ ૬૪૧
☎ : (૦૨૬૨૫) ૨૨૨૦૩૮
જાવક નં :
તા. ૨૦૦

## સમાજસેવા મહાવિદ્યાલય (બી.આર.એસ) ગાંધી વિદ્યાપીઠ, વેડછીનો એક પરિચય

**પ્રાસ્તાવિક:**

સ્વ. પૂ. જુગતરામકાકાના તપોમય અને સેવાનિષ્ઠ જીવન–કવનનો સહવાસ અને સાંનિધ્યમાં રહીને પ્રેરણા પામ્યા પછી આપણે બધા દઢપણે માનીએ છીએ કે ગાંધી વિચાર અને દર્શન ઉપર જ દેશ અને દુનિયાના સુખ, શાંતિ અને સલામતી નિર્ભર છે.

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૬૦ વર્ષથી રચનાત્મક સમાજસેવક સ્વ. જુગતરામભાઈ દવેની તપોમય સેવા અને પુરૂષાર્થને પરિણામે બાલવાડીથી માંડીને બી.એડ્. સુધીના સળંગ અભ્યાસક્રમની વ્યવસ્થા નઈ તાલીમની ઢબે થઈ છે. આ વિસ્તારની જરૂરિયાતમાંથી ઉચ્ચ શિક્ષણ માટે ગાંધી વિદ્યાપીઠ, વેડછીની સ્થાપના સને ૧૯૬૭માં પૂ. કાકાસાહેબ કાલેલકર જેવા આદ્ય કુલપતિની રાહબરી હેઠળ શરૂ થઈ.

ગાંધી વિચારને અનુરૂપ શિક્ષણ દ્વારા વ્યાપક લોકશિક્ષણ અને સમાજસેવાનઃ આ સંસ્થાના આદર્શ (ઉદ્દેશ) પોતાનાં 'ગાંધી વિદ્યાપીઠ' નામથી જ સ્વયં સ્પષ્ટ થાય છે. આ સંસ્થાનું નિર્માણ અનન્ય ગાંધીભકત, જીવનદ્રષ્ટા અને આજીવન બુનિયાદી શિક્ષક શ્રદ્ધેય શ્રી જુગતરામભાઈની દક્ષિણ ગુજરાતના આ શોષિત અને પછાત આદિવાસી પ્રદેશની સર્વાંગી ઉન્નતિનો હેતુ ગાંધી મૂલ્યોને કેન્દ્રમાં રાખી ૬૦ વર્ષની તપોમય અવિરત જીવન સાધનાનું સ્વાભાવિક પરિણામ છે.

સંસ્થાનું વિધિવત ઉદ્દઘાટન અમારી સંસ્થાના કુલપતિ આચાર્ય કાકાસાહેબ કાલેલકરની ઉપસ્થિતિમાં અને સ્વર્ગીય ડો. ઝાકિરહુસેનના વરદ્હસ્તે થયું. જ્યારે પ્રથમ દીક્ષાંત પ્રવચન માટે માનનીય વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાબહેન ગાંધી પધાર્યા હતા.

### (૨) અભ્યાસક્રમની રૂપરેખા:

આ પ્રદેશના ખૂણે ખૂણે ફેલાયેલી ૭૦ ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરી મોટાભાગના આદિવાસી વિદ્યાર્થીઓને પોતાના જ પ્રદેશમાં બુનિયાદી ઉચ્ચ શિક્ષણની સુવિધા પ્રાપ્ત થાય તે માટે ગાંધી વિદ્યાપીઠમાં સને ૧૯૬૭થી સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શરૂ થયો. ત્યારબાદ સને ૧૯૮૦થી બી.આર.એસ.નો ત્રિવર્ષીય અભ્યાસક્રમ શરૂ થયો. એમાં ગ્રામ વિદ્યા વિશારદનો કૃષિવિદ્યા પ્રધાન અભ્યાસક્રમ અપનાવ્યો છે. એમાં ઉત્તીર્ણ થનાર સ્નાતક–સ્નાતિકઓને "સ્નાતક–કૃષિ"ની પદવી આપવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીની માન્યતા અનુસાર અમારી સ્નાતકની ઉપાધીને ભારતની કોઈપણ વૈદ્યાનિક યુનિવર્સિટીઓ દ્વારા અપાતી બી.એ.ની ઉપાધિ સમકક્ષ ગણેલ છે.

સને ૨૦૦૨થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે જોડાયેલ છે. વાર્ષિક પરીક્ષા ૨૦૦૨થી યુનિવર્સિટી પોતે લે છે. માર્કશીટ, પ્રમાણપત્ર વગેરે પણ તે જ આપે છે.

ગાંધી વિચારને અનુરૂપ આ બી.આર.એસ. અભ્યાસક્રમનો એક આશય સમાજસેવાનો છે. વિદ્યાર્થીકાળમાં ભણતાં સમાજને ઉપયોગી બને એવા કસાયેલા નાગરિક તરીકે ફરજ અદા કરી શકાય તે માટે શિક્ષણનો માધ્યમ તરીકે પ્રકૃતિં, ઉદ્યોગ અને સમાજને કેન્દ્રમાં રાખી વિદ્યાલયનું નામ 'સમાજસેવા મહાવિદ્યાલય' રાખવામાં આવ્યું છે.

### (૩) અભ્યાસક્રમનો હેતુ:

Scanned with CamScanner

(૨)
વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત સંલગ્ન
ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત
**સમાજસેવા મહાવિદ્યાલય**
(બી. આર. એસ. કોલેજ કોડ નં. ૫૩)
મુ. પો. ગાંધી વિદ્યાપીઠ, વેડછી તા. વાલોડ જિ. સુરત ૩૯૪ ૬૪૧
☎ : (૦૨૬૨૫) ૨૨૨૦
જાવક નં :
તા. ૨૦૦

આપણાં સાંસ્કૃતિકવારસાનું જતન, ફરજની ઉચ્ચ ભાવના, સેવા માટેની તત્પરતા અને ઉત્તમ નાગરિકો બનાવવા માટેનાં યજ્ઞકાર્ય કરવાનો નમ્ર પ્રયાસ કરીએ છીએ. અભ્યાસક્રમના હેતુ નીચે મુજબ છે.

(૧) આ અભ્યાસક્રમનો હેતુ માત્ર પદવી આપવાનો જ નથી પરંતુ શિક્ષણને જીવનલક્ષી, સમાજપયોગી બનાવવાનો છે.

(૨) સમાજને ઉપયોગી નિષ્ઠાવાન, ચારિત્ર્યવાન સેવકો, ગ્રામનેતાઓ અને શિક્ષકો તૈયાર કરવાનો છે.

(૩) સ્વાવલંબન, સાદાઈ અને સંયમના પાયા પર આશ્રમ જીવનનું વાતાવરણ તૈયાર કરવું તથા આશ્રમ જીવનને પાયાનું માની તેની આસપાસ વિષયો અને તેની પ્રવૃત્તિઓની ગોઠવણી કરવી.

(૪) ઉચ્ચ શિક્ષણની તક પૂરી પાડવી.

(૫) ગ્રામોપયોગી પાયાના ઉદ્યોગો જેવાં કે ખેતી, પશુપાલન અને વસ્ત્રવિદ્યાની મોટી ક્રિયાઓનું પધ્ધતિસરનું શિક્ષણ આપવું.

(૬) ગ્રામ પ્રદેશનો આધાર કૃષિ હોઈ તેના તરફ વધારે ઝોક આપવાની ગણતરી હોવા છતાં સમગ્ર જીવનને દૃષ્ટિ આપવાનો હેતુ છે.

આ હેતુઓને નજર સમક્ષ રાખી અભ્યાસક્રમની ગોઠવણીમાં નીચેની બાબતોને અગત્યનું સ્થાન આપ્યું છે.

(૧) આશ્રમજીવન
(૨) ચારિત્ર્ય ઘડતર
(૩) સમાજસેવા
(૪) સ્વાવલંબન
(૫) શિબિર
(૬) પ્રવાસ
(૭) ઉદ્યોગ (કૃષિ, ગોપાલન, વસ્ત્રવિદ્યા)

**(૪) અભ્યાસક્રમની પધ્ધતિ:**

સમગ્ર અભ્યાસક્રમના વિષય શિક્ષણને પ્રવૃત્તિ સાથે અનુબંધિત કરવાનો, પ્રવૃત્તિલક્ષી અને પ્રવૃત્તિકેન્દ્રી બનાવવાનો છે. આ માટે વર્ગ શિક્ષણ ઉપરાંત પ્રત્યાક્ષકાર્ય, ચર્ચા, પ્રશ્નોત્તરી, પરિસંવાદ, મુલાકાત, પ્રદર્શન, નિદર્શન, સ્વઅધ્યયન વગેરે પધ્ધતિથી શિક્ષણ આપવાનો છે.

**(૫) બી.આર.એસ.અભ્યાસ પૂર્ણ કર્યા પછી સ્નાતક-સ્નાતિકાઓને મળતી** વધુ અભ્યાસની **તકો અને અવકાશ:**

(૧) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં એમ.એ., એમ.એસ.ડબ્લ્યુ વગેરેમાં પ્રવેશ.

(૨) લોકભારતી, સણોસરા, ડુમિયાણી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા અન્ય યુનિવર્સિટીઓના એમ.આર.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ.

(૩) જી.બી.ટી.સી. (ડી.બી.એડ્.) અને યુનિવર્સિટીના બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ.

(૪) વ્યાયામ મહાવિદ્યાલયોમાં ડી.પી.એડ્. અભ્યાસમાં પ્રવેશ.

(૫) માધ્યમિક શાળાઓમાં, પ્રાથમિક શાળાઓમાં, અધ્યાપન મંદિરોમાં અને ગ્રામ વિદ્યાપીઠોમાં શિક્ષક તરીકે.

(૬) છાત્રાલયોમાં ગૃહપતિ/ગૃહમાતા તરીકે.

Scanned with CamScanner

વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત સંલગ્ન
ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત

**સમાજસેવા મહાવિદ્યાલય**

(બી. આર. એસ. કોલેજ કોડ નં. ૫૩)

મુ. પો. ગાંધી વિદ્યાપીઠ, **વેડછી** તા. વાલોડ જિ. સુરત ૩૯૪ ૬૪૧

☎ : (૦૨૬૨૫) ૨૨૨૦૩૮

જાવક નં :

તા. ૨૦૦

(૭) ફિલ્ડ આસિસ્ટન્ટ, ગ્રામસેવક, સમાજ કલ્યાણ અધિકારી, વિસ્તરણ અધિકારી જેવી જગ્યા પર નોકરી.

(૮) તે ઉપરાંત રાજયની સ્વૈચ્છિક સંસ્થાઓ અને સહકારી સંસ્થાઓ જેવી કે સુગર ફેકટરીઓ, સહકારી મંડળીઓ, બાયફ, એનાર્ડે ફાઉન્ડેશન તથા અન્ય મંડળીઓમાં ખેતી મદદનીશ, ખેતીવાડી અધિકારી, સુપરવાઈઝર, ઝોન સુપરવાઈઝર વગેરેની નોકરી

(૯) ગુજરાત રાજયની જાહેર સેવાઓમાં ભરતી માટે બી.એ. સમકક્ષ ગણવામાં આવેલ છે.

**(૬) સેવા–વિસ્તરણ પ્રવૃત્તિઓ:**

| | | | |
|---|---|---|---|
| (૧) ગાંધીમેળો | (૨) ઉર્જાબચત | (૩) કૃષિમેળો | (૪) પશુમેળો |
| (૫) સજીવખેતી | (૬) વૃક્ષારોપણ | (૭) વિજ્ઞાનમેળો | (૮) સેવાદિન |
| (૯) વિવિધ શિબિરો | (૧૦) કેન્દ્ર નિવાસ | (૧૧) શિક્ષણ નિવાસ | (૧૨) વનૌષધિ |

**(૭) સ્નાતક–સ્નાતિકાઓને પ્રાપ્ત થતી નોકરીની તકો:**

| ક્રમ | નોકરીની વિગત |
|---|---|
| ૧. | પ્રાથમિક વિભાગમાં શિક્ષક તરીકે |
| ૨. | માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે |
| ૩. | અધ્યાપન મંદિરોમાં શિક્ષક તરીકે |
| ૪. | ગ્રામ વિદ્યાપીઠોમાં અધ્યાપક તરીકે |
| ૫. | ગૃહપતિ તરીકે |
| ૬. | ગ્રામસેવક તરીકે |
| ૭. | સમાજ કલ્યાણ અધિકારી તરીકે |
| ૮. | વિસ્તરણ અધિકારી તરીકે |
| ૯. | ખેતી મદદનીશ તરીકે |
| ૧૦. | સહકારી સંસ્થાઓ (સુગર ફેકટરી, બાયફ, સહકારી મંડળી વગેરે. |
| ૧૧. | પોતાના ખેતી અને ગોપાલન વ્યવસાયમાં |

**સંસ્થાની ભૌતિક સુવિધા અને અન્ય સગવડ:**

(૧) સંસ્થા પાસે ૧૧૨ એકર જમીન છે. તે પૈકી મહાવિદ્યાલયને ૩૫ એકર જમીન ફાળવેલ છે. જેમાં વિવિધ કૃષિ પ્રયોગો કરવામાં આવે છે.

(૨) સંસ્થા પાસે અદ્યતન ગૌશાળા છે.

(૩) સંસ્થા પાસે મકાનોની સુવિધા પૂરતી છે જેવી કે: વિદ્યાલય, છાત્રાલય (કન્યા/કુમાર), ગ્રંથાલય, પ્રયોગશાળા, સાંસ્કૃતિક હોલ, મહેમાનગૃહ, વારિગૃહ, ભોજનાલયો (કન્યા/કુમાર), કાર્યકર્તા નિવાઈ, કાર્યાલય, ઉદ્યોગ મંદિર, ગેસ પ્લાન્ટ, જાજરૂ–પેશાબઘ, સ્નાનઘાટ, બાગ–નર્સરી, ઉદ્‌વહન સિંચાઈ.

Scanned with CamScanner